eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 341
Sep 13, 2013



## સુરતનાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને જનરલ ફિઝિશિયન એસોસિએશન તથા સુરત મહાનગરપાલિકાનાં ઉપક્રમે મચ્છરજન્ય રોગોથી મુકત કરવા માટેના પરિસંવાદનો કાર્યક્રમ.

સુરતનાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને જનરલ ફિઝિશિયન એસોસિએશન તથા સુરત મહાનગરપાલિકાનાં સંયુકત ઉપક્રમે તા. ૫–૯–૨૦૧૩ નાં ગુરુવારનાં રોજ મહાવીર કાર્ડિયાક હોસ્પિટલનાં હોલમાં યોજાયેલા ડેન્ગ્યુ કેસ મેનેજમેન્ટ અંગેના પરિસંવાદમા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત બી.આર.ટી.એસ. માટે બી.આર.ટી.એસ. ના ઈન્ફ્રાસ્ટ્રકચર કામો માટે બી.આર.ટી.એસ.સેલ કાર્યરત.

સુરત બી.આર.ટી.એસ. માટે બી.આર.ટી.એસ. ના ઈન્ફ્રાસ્ટ્રકચર કામો માટે બી.આર.ટી.એસ.સેલ કાર્યરત છે. હાલમાં, સુરત બી.આર.ટી.એસ.ફેઝ–૧ ના સુરત–નવસારી કોરીડોર પર ટુંક સમયમાં બી.આર.ટી. ઓપરેશન શરૂ કરવાની તૈયારી ચાલુ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફતે તા. ૦૬/૦૯/૨૦૧૩ ના શુક્રવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી. પી. સ્કીમ નં. ૨૫ (સીગણપોર – ટુંકી) ના રે.સ.નં. ૭૦ થી નોંધાયેલ નવી શરત વાળી ખુલ્લી  જગ્યામાં મિલ્કતદાર તરફથી બાંધકામ કરવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી., બીમ, કોલમ, ફુટીંગ, ગ્રા.બીમ, પ્લીન્થબીમ લઈ લીન્ટલ લેવલના ચણતર સહિતનું ગેરકાયદેસરનું સઘળુ બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૬–૯–૧૩ ના રોજ વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઈલેકશન વોર્ડ નં. ૩ (વરાછા) તથા ઈલેકશન વોર્ડ નં. ૧૯ (પુણા) વિસ્તારનો રાઉન્ડ મેયર નિરંજન ઝાંઝમેરાએ લીધો હતો.

આજરોજ તા. ૬–૯–૧૩ ના રોજ વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઈલેકશન વોર્ડ નં. ૩ (વરાછા) તથા ઈલેકશન વોર્ડ નં. ૧૯ (પુણા) વિસ્તારનો રાઉન્ડ મેયર નિરંજન ઝાંઝમેરાએ લીધો હતો રાઉન્ડ દરમ્યાન ડે. મેયર દયાશંકર સિહ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજેશ દેસાઈ, નેતા શાસક પક્ષ રમેશ કે. લાઠીયા(આર. કે.), ધારાસભ્ય અને મ્યુ. સભ્ય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ખુલ્લા પ્લોટ, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, પાસે કુલ રૂ.34000 જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

સાઉથ ઝોન (ઉધના) ના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ગત અઠવાડિયા દરમ્યાન નીચે મુજબના ખુલ્લા પ્લોટ, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા બાંધકામો, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે. તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સા.વે (અઠવા) ઝોન અંર્તગત પનાસ વોર્ડ ઓફિસમાં વહીવટી વસુલાત માટે ફાળવવામાં આવેલ રસીદબુક નંબર ૧૫૮૨ રદ કરવા બાબત.

સા.વે (અઠવા) ઝોન અંર્તગત પનાસ વોર્ડ ઓફિસમાં વહીવટી વસુલાત માટે ફાળવવામાં આવેલ નાણાકીય વર્ષ–૨૦૧૩–૨૦૧૪ દરમ્યાનની રસીદબુક નંબર ૧૫૮૨ માંથી રસીદ નંબર ૧૫૮૧૩૦ થી ૧૫૮૧૩૯ સુધીની કુલ–૧૦ રસીદો ગેરવલ્લે થયેલ છે. જેની

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા. ૦૬/૦૯/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ ડિમોલેશન.

ટી. પી.  ૧ (ઉધના–મજુરા), ફાઇનલ પ્લોટ નં. ૭૪, રેસ નં. ૧૭૭/૧–૨, પ્લોટ નં. ૧૩૧ આત્માનંદ ઈન્ડસ્ટ્રીયલ વિ–૨, બમરોલી રોડ, વિસ્તારમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ગેરકાયદેસર આર. સી. સી. કોલમો, સ્લેબ તથા ચણતર કામ અને સેન્ટરીંગ કામ કરવામાં આવેલ છે જે આજરોજ શહેર વિકાસના સ્ટાફ, દબાણના સ્ટાફની મદદથી ચણતરની દિવાલો તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ.

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા  દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૭/૦૯/૧૩ ના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, ન.પ્રા.શાળા, એચ–૩, બ્લોક પાસે, ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ,  સુરત ખાતેથી નવમા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો ....

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા), ફા.પ્લોટ નં. ૧૬૧ વિસ્તારમાં કરવામાં આવેલ સેન્ટરીંગ કામ સ્થળ પરથી દુર કરવાની કામગીરી.

અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), ફા.પ્લોટ નં. ૧૬૧ સ્થિત નસરવાનજી સોસાયટીમાં સબ પ્લોટ નં. ૧૩૮ ખાતે ગેરકાયદેસર  આર.સી.સી. સ્લેબ ભરવાના ઈરાદે ત્રીજામાળનું આશરે ૧૪' × ૪૫' ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ સેન્ટરીંગ કામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ખેલ મહાકુંભ – ૨૦૧૩".

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ચાલુ વર્ષ સુરત શહેર અને જીલ્લામાં વિવિધ રમતોની સ્પર્ધામાં "ખેલમહાકુંભ–૨૦૧૩"નું આયોજન આગામી માહે નવેમ્બર / ડિસેમ્બર–૨૦૧૩ દરમ્યાન કરવામાં આવનાર છે. જે મુજબ ચાલુ વર્ષ પ્રથમ અન્ડર –૧૨ ભાઈઓ બહેનોની ૬૦ મી. દોડ, સ્ટેન્ડીંગ બોડ જમ્પના સ્પર્ધકોની જે તે શાળાના વ્યાયામ શિક્ષકે ડેટા એન્ટ્રી કરી સ્પર્ધાનું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતના આવાસોની જરૂરીયાતને ધ્યાને લઈ, ગુજરાત સરકાર ધ્વારા ૧૨ મી પંચવર્ષીય યોજના દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG) યોજનાની  જાહેરાત.

શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતના આવાસોની જરૂરીયાતને ધ્યાને લઈ, ગુજરાત સરકાર ધ્વારા ૧૨ મી પંચવર્ષીય યોજના દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ ((Gujarat Rural Urban Housing) યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG) યોજનાની  જાહેરાત કરવામાં આવી છે....

વધુ માટે કલીક કરો >>>>>>



## ૪૧ મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ.

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતીરીવાન અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો  અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવધ આયોજનો અને સ્પર્ધા યોજવામાં આવે છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં આરોગ્ય વિભાગ દ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાણીપીણીની લારીઓનું આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરી ખાસ સ્કવોડનું આયોજન..

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં આરોગ્ય વિભાગ દ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાણીપીણીની લારીઓનું આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરી ખાસ સ્કવોડનું આયોજન કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન હેઠળ આવેલ ચાલુ હાલતમાં બાંધકામને માનનીય હાઈકોર્ટના PIL – 122 OF 2011 મુજબ આપેલ નોટીશનો અનાદર કરતાં બાંધકામો જોગ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરેલ કાર્યવાહીની અખબારી યાદી .

સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન હેઠળ આવેલ બાંધકામો ખાતે માનનીય હાઈકોર્ટના PIL – 122 OF 2011 અન્વયે ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ ) ની આપેલ નોટીશ મુજબ થયેલ  અમલવારી  કરવા જણાવી  તે મુજબ થયેલ કાર્યવાહીની લેખીતમાં જાણ જે તે ઝોનના આસી.જંતુનાશક અધિકારીશ્રીને કરવા જણાવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં મે.ડે.કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત)ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ સુચના/ નોટીસ તથા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં મે.ડે.કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત)ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૧/૦૯/૨૦૧૩ નાં રોજ આરોગ્ય/ ઈજનેર/ વી.બી.ડી.સી. સ્ટાફની કુલ–૫ (પાંચ) ટીમો બનાવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરતનાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને જનરલ ફિઝિશિયન એસોસિએશન તથા સુરત મહાનગરપાલિકાનાં ઉપક્રમે મચ્છરજન્ય રોગોથી મુકત કરવા માટેના પરિસંવાદનો કાર્યક્રમઃ–



સુરતનાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને જનરલ ફિઝિશિયન એસોસિએશન તથા સુરત મહાનગરપાલિકાનાં સંયુકત ઉપક્રમે તા. ૫–૯–૨૦૧૩ નાં ગુરુવારનાં રોજ મહાવીર કાર્ડિયાક હોસ્પિટલનાં હોલમાં યોજાયેલા ડેન્ગ્યુ કેસ મેનેજમેન્ટ અંગેના પરિસંવાદમાં સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારી ડો.હેમંત દેસાઇ, જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ, તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓ તથા આસીસટન્ટ જંતુનાશક અધિકારીઓ ઉપરાંત શહેરના ૧૩૬ તબીબો જેમાં કન્સલટન્ટ, શહેરની ખ્યાતનામ હોસ્પિટલના તબીબો, IMA નાં સભ્યો પણ મોટી સંખ્યામાં હાજર રહેલ હતા. આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈએ જણાવેલ કે સુરત મહાનગરપાલિકા પોઝીટીવ–નેગેટીવને ધ્યાને લીધા વિના સુરત શહેરનીં ૧૦૫ જેટલી હોસ્પીટલોમાંથી તમામ શંકાસ્પદ ડેન્ગ્યૂના કેસોની માહિતી મેળવવામાં આવે છે તથા તેને અનુલક્ષીને જ તમામ કેસોમાં કામગીરી કરાવવામાં આવે છે.

ડો. કેશવ વૈષ્ણવે કન્ટેનરમાં ભરાતા પાણીમાં થતા એડિસ મચ્છરોની ઉત્પત્તિ રોકવા તબીબ મિત્રોને અનુરોધ કરેલ હતો કે, લોકોને જાગૃત કરવા તેઓ અગત્યની ભૂમિકા ભજવી શકે એમ જણાવ્યું હતું. શાળાઓમાં બાળકોને મચ્છરોથી બચાવવા જાગૃતિ લાવવા અંગેની પણ ચર્ચા થઈ હતી. ઘરની અંદર આવેલા પાણીસંગ્રહનાં વાસણો જેવા કે, પીપ, પવાલી, કેરબા વિગેરેને સાફ કરી સુકવીને પાણી ભરવા તથા કપડાથી ઢાંકેલા રાખવા, ટાંકીઓને હવાચૂસ્ત ઢાંકણથી બંધ કરવી, જેથી મચ્છરની ઉત્પતિ અટકાવી શકાય. તદઉપરાંત મચ્છરદાનીમાં સુવાનો આગ્રહ રાખવો તથા હાથ પગ ઢંકાયેલાં રહે તેમ આખી બાંયના કપડાં પહેરવા તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારી જયારે આપના ઘરની મુલાકાતે આવે ત્યારે પૂરતો સહકાર આપવા તથા તેના દ્વારા આપવામાં આવેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવા અંગે અનુરોધ કરવામાં આવ્યો.

ડેન્ગ્યુ ફીવરની સારવાર તથા કન્ટ્રોલ માટેની ચર્ચામાં શહેરનાં ખ્યાતનામ બાળ રોગ નિષ્ણાંત ડો.અશોક કાપ્સેએ અદ્યતન પધ્ધતિ (WHO ની માર્ગદર્શિકા) દ્વારા સારવાર કેમ કરવી તે માટે ખૂબ જ ઉચ્ચતમ ગુણવત્તા સભર પ્રેઝન્ટેશન આપીને તબીબોને અવગત કરેલ હતા, તેમજ હાલમાં શહેરમાં ડેન્ગ્યું રોગચાળા બાબતની ઝીણવટ અનુભવનો પણ ઉલ્લેખ કરેલ હતો. એવી જ રીતે શહેરના જાણીતા ડો.સમીર ત્રિવેદીએ પણ પુખ્ત વયના દર્દીઓને ડેન્ગ્યું કેસની સારવાર, હોસ્પિટલ એડમીશન, ડીસ્ચાર્જ તેમજ કયારે અને કેટલી માત્રામાં પ્રવાહી આપવુ, તે સમગ્ર બાબતનો ઉલ્લેખ કરી સમગ્ર હાજર તબીબોને જાણકારી આપી હતી. સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓની વચ્ચે મુકતમને એકબીજાનાં અનુભવોની આપ લે તથા ભવિષ્યમાં સુરત શહેરને મચ્છરજન્ય રોગોથી મુકત કરવા માટેનો ગહન પરિસંવાદ કરવામાં આવેલ.

કાર્યશિબીરમાં સુરત શહેરની આબોહવા, કલાઈમેટ ચેન્જ, વરસાદનું પ્રમાણ, વસ્તીમાં વધારો અને વેગીલી બાંધકામ પ્રવૃતિ જેવી અનેક ચેલેન્જો રહેલી હોય, જેથી એકલું મહાનગરપાલિકાનું તંત્ર નહિ પરંતુ તમામ લેવલે, ખાનગી તબીબો, ખાનગી હોસ્પીટલો, સ્વૈચ્છિક સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ અને વિધાર્થીઓમાં પણ સતત જાગૃતિ લાવવાનું અને સદર બાબતે શિક્ષણ આપવામાં આવે તો ચોકકસ સુરત શહેરને ડેન્ગ્યુંના કહેરથી બચાવી શકાય તે માટે મહાનગરપાલિકા દ્વારા WHO ની અદ્યતન માહિતીસભર સી.ડી. તમામ તબીબોને આપવામાં આવેલ છે.

**" મચ્છરજન્ય રોગો નિયંત્રણ આપ સૌની જવાબદારી અને ભાગીદારી છે "**

TOP

## સુરત બી.આર.ટી.એસ. માટે બી.આર.ટી.એસ. ના ઈન્ફ્રાસ્ટ્રકચર કામો માટે બી.આર.ટી.એસ.સેલ કાર્યરત :–

સુરત બી.આર.ટી.એસ. માટે બી.આર.ટી.એસ. ના ઈન્ફ્રાસ્ટ્રકચર કામો માટે બી.આર.ટી.એસ.સેલ કાર્યરત છે. હાલમાં, સુરત બી.આર.ટી.એસ.ફેઝ–૧ ના સુરત– નવસારી કોરીડોર પર ટુંક સમયમાં બી.આર.ટી. ઓપરેશન શરૂ કરવાની તૈયારી ચાલુ છે. સુરત બી.આર.ટી. ઓપરેશન અને મેનેજમેન્ટ માટે સ્પેશલ પર્પઝ વ્હીકલ એટલે કે SPV જે સુરત સીટીલીંક લિ. ના નામે રજીસ્ટ્રાર ઓફ કંપનીઝમાં તા.૦૭/૦૮/૨૦૧૩ થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ અને આજરોજ એટલે કે તા. ૦૬/૦૯/૨૦૧૩ ના રોજ તેની સૌપ્રથમ બોર્ડ મીટીંગ સવારે ૧૧:૩૦ કલાકે સુરત મહાનગરપાલિકામાં રાખવામાં આવેલ.

કંપની રજસ્ટર્ડ કરવા માટે સૌપ્રથમ ત્રણ ડારેકટર (૧) શ્રી મનોજકુમાર દાસ, કમિશનર, સુરત મહાનગરપાલિકા (૨) શ્રી પ્રદિપસિંહ ઝાલા, ડે.કમિશ્નર(સ્પે.), સુરત મહાનગરપાલિકા (૩) શ્રી ભરત એસ.શાહ, એડી.સીટી ઈજનેર, સુરત મહાનગરપાલિકાની નિમણુંક થઈ ગયેલ. જયારે બાકી ૦૬ ડાયરેકટરોની નિમણુંક સદરહું પ્રથમ મીટીંગમાં કરવાની રહેતી હતી.

મીટીંગની શરૂઆતમાં આ મીટીંગ માટે અધ્યક્ષ તરીકે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાની નિમણુંક કરી, ઉપસ્થિત અધિકારીઓ નો પરિચય આપી મીટીંગની કાર્યવાહી શરૂ કરેલ.

સુરત સીટીલીંક લિ. માટે અન્ય ૬ ડાયરેકટરશ્રીઓની નિમણુંક માટે નીચે મુજબના નામોની દરખાસ્ત રજુ કરવામાં આવતા સર્વાનુમતે મંજુર રાખવામાં આવેલ.

(૧) શ્રી રાજેશભાઈ દેસાઈ, અધ્યક્ષ સ્થાયી સમિતિ, સુરત મહાનગરપાલિકા
(૨) શ્રી ધનજીભાઈ ચાવડા, અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ, સુરત મહાનગરપાલિકા
(૩) શ્રી બી. એમ.પ્રજાપતિ, આર.ટી.ઓ., સુરત
(૪) ડી.સી.પી.શ્રી ટ્રાફીક, પોલીસ કમિશનર કચેરી, સુરત
(૫) શ્રીમતિ પી.ભારથી, સી.ઈ.ઓ.સુડા
(૬) શ્રી જી.કે.પંડયા, ચીફ એકાઉન્ટન્ટ, સુરત મહાનગરપાલિકા

ત્યારબાદ સુરત સીટીલીંક લિ.કંપનીના ચેરમેન તરીકે મ્યુ.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ તેમજ સી.ઈ.ઓ. અને એમ. ડી. તરીકે એડી.સીટી ઈજનેરશ્રી ભરત એસ.શાહની નિમણુંક કરવામાં આવેલ.

TOP

## નોર્થઝોન (કતારગામ) કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ તથા દબાણ ખાતા મારફતે તા. ૦૬/૦૯/૨૦૧૩ ના શુક્રવારના રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છેઃ–

(૧) ટી. પી. સ્કીમ નં. ૨૫ (સીગણપોર – ટુંકી) ના રે.સ.નં. ૭૦ થી નોંધાયેલ નવી શરત વાળી ખુલ્લી જગ્યામાં મિલ્કતદાર તરફથી બાંધકામ કરવાના ઈરાદે શરૂ કરેલ આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી., બીમ, કોલમ, ફુટીંગ, ગ્રા.બીમ, પ્લીન્થબીમ લઈ લીન્ટલ લેવલના ચણતર સહિતનું ગેરકાયદેસરનું સઘળુ બાંધકામ આજરોજ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે રૂા. ૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી. પી. સ્કીમ નં. ૩૫ (કતારગામ) માં ફા. પ્લોટ નં. ૨૬ થી નોંધાયેલ નવી શરત વાળી ખુલ્લી જગ્યામાં મિલ્કતદાર તરફથી બાંધકામ કરવાના ઈરાદે આશરે ૭૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી., ફુટીંગ તથા કોલમ લઈ ગ્રા.બીમ લેવાનું ગેરકાયદેસરનું બાધકામ શરૂ કરેલ. જે ગ્રાઉન્ડ બીમનું ગેરકાયદેસરનું બાધકામ અત્રેથી તા. ૦૩/૦૯/૨૦૧૩ ના રોજ દુર કરવામાં આવેલ. તેમ છતાં મિલકતદાર તરફથી સ્થળ પર બાધકામ ચાલુ રાખતા આજરોજ સદર સ્થળે ગ્રાઉન્ડ બીમનું ગેરકાયદેસરનું બાધકામ ફરીથી દુર કરવામાં આવેલ છે. તેમજ મિલકતદાર પાસેથી ડીમોલીશન વહીવટી ચાર્જ પેટે કુલ રૂા. ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## તા. ૬–૯–૧૩ ના રોજ વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઈલેકશન વોર્ડ નં. ૩ (વરાછા) તથા ઈલેકશન વોર્ડ નં. ૧૯ (પુણા) વિસ્તારનો રાઉન્ડ મેયર નિરંજન ઝાંઝમેરાએ લીધો હતો :–

આજરોજ તા. ૬–૯–૧૩ ના રોજ વરાછાઝોન વિસ્તારમાં આવેલ ઈલેકશન વોર્ડ નં. ૩ (વરાછા) તથા ઈલેકશન વોર્ડ નં. ૧૯ (પુણા) વિસ્તારનો રાઉન્ડ મેયર નિરંજન ઝાંઝમેરાએ લીધો હતો રાઉન્ડ દરમ્યાન ડે. મેયર દયાશંકર સિહ, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજેશ દેસાઈ, નેતા શાસક પક્ષ રમેશ કે. લાઠીયા(આર. કે.), ધારાસભ્ય અને મ્યુ. સભ્ય પ્રફુલ્લભાઈ પાનસેરિયા, મ્યુ. સભ્ય ભુપેન્દ્ર  રાઠોડ, રંજનબેન વસોયા, વી.ડી. ઝાલાવાડીયા, મણીલાલ માંડવિયા હાજર રહયા હતા.

આ રાઉન્ડને લોકોએ ખુબ જ ઉત્સાહપુર્વક સર્મથન આપ્યુ હતું. રાઉન્ડ દરમ્યાન રખડતા ઢોરોનો, રસ્તાઓને પેચવર્ક–કાર્પેટ, દબાણ, સાફસફાઈ, સ્ટોર્મ ડ્રેનેજ, પાણીના લીકેજ વિગેરે પ્રશ્નો મુખ્યત્વે હતા.

આ અંગે મેયરે હાજર અધિકારીઓને સ્થળ ઉપર જ જે મુદ્દાનો ત્વરીત નિકાલ થાય તેનો તાકીદે નિકાલ કરવા અને જે મુદ્દાઓ ટેકનીકલ કે અન્ય કારણસર ઝડપથી પુરા ન થઈ શકે તેમ હોય તે બાબતે ઘટતી  કાર્યવાહી કરવા સચના આપેલ છે.

આ રાઉન્ડ દરમ્યાન ઝોનલ ચીફ, વરાછા ઝોન, કાર્યપાલક ઈજનેર, ઝોન, નાયબ આરોગ્ય અધિકારીઓ, ડે. ઈજનેરો હાજર રહયા હતા.

TOP

## સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના માટે જવાબદાર ખુલ્લા પ્લોટ, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, પાસે કુલ રૂા.34000 જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યોઃ–

સાઉથ ઝોન (ઉધના) ના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ગત અઠવાડિયા દરમ્યાન નીચે મુજબના ખુલ્લા પ્લોટ, ઈન્ડસ્ટ્રીઝ, બાંધકામો, ચેક કરતાં મચ્છરની ઉત્પત્તિ/મચ્છરની ઉત્પત્તિ થવાની સંભાવના જોવા મળેલ હતી તેવા બાંધકામો, ખુલ્લા પ્લોટો, ઈન્ડસ્ટ્રીઝમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવી બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે. તેમજ નીચે મુજબ કુલ રૂા.34,000/- જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

**ખુલ્લો પ્લોટઃ–**

૧) આરાધ્યા એન્ટરપ્રાઈઝ, યુનિટી એસ્ટેટ, ભેસ્તાનઃ– 9,000

૨) સકીલ સનાઉલ્લા અન્સારી પ્લોટ નં.૫૭/૫૮, મદનીનગર, ઉન :– 1,500

૩) પંકજ અશોક પ્રસાદ, પ્લોટ નં.૩૧/૩૨, શબનમનગર, ઉન :– 1,500

**ઈન્ડસ્ટ્રીઝઃ–**

૧) રાકેશભાઈ પ્રવિણચંદ્ર પ્લોટ નં.૨૧, રોડ નં.૧૧, ઉધના :– 5,000/-

૨) અતુલભાઈ પ્રભુલાલજી પુજારા પ્લોટ નં.૩૩/૩૪, સીટી ઈન્ડ., ઉધના :– 3,000/-

૩) લીજો પ્લાસ્ટીક ઈન્ડ. નવું ઉદ્યોગનગર, રોડ નં.૬, ઉધના :– 3,000/-

૪) રોશનભાઈ મોદી પ્લોટ નં. ૨૯/૩૦, સીટી ઈન્ડ., ઉધના :– ×લડડડળઢ

**બાંધકામ :–**

૧) શ્રૃગલ કન્સ્ટ્રકશન, બાલાજીનગરની પાછળ, બમરોલી :– 5,000/-

૨) સાંઈ મોહન સોસાયટી, વડોદ :– 2,500/-

૩) રમેશભાઈ એમ. ચંદરેલ, બી–૩૫૩, જલારામ નગર, પાંડેસરા :– 1,500/-

TOP

## સા.વે (અઠવા) ઝોન અંર્તગત પનાસ વોર્ડ ઓફિસમાં વહીવટી વસુલાત માટે ફાળવવામાં આવેલ રસીદબુક નંબર ૧૫૮૨ રદ કરવા બાબતઃ–

સા.વે (અઠવા) ઝોન અંર્તગત પનાસ વોર્ડ ઓફિસમાં વહીવટી વસુલાત માટે ફાળવવામાં આવેલ નાણાકીય વર્ષ–૨૦૧૩–૨૦૧૪ દરમ્યાનની રસીદબુક નંબર ૧૫૮૨ માંથી રસીદ નંબર ૧૫૮૧૩૦ થી ૧૫૮૧૩૯ સુધીની કુલ–૧૦ રસીદો ગેરવલ્લે થયેલ છે. જેની સદર રસીદોની રસીદબુક નંબર ૧૫૮૨ રદ કરવામાં આવેલ છે. તેમજ આ રસીદોનો ઉપયોગ ગેરકાનૂની ગણાશે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં તા. ૦૬/૦૯/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ ડિમોલેશનઃ–

સાઉથ ઝોન (ઉધના)માં તા. ૦૬/૦૯/૨૦૧૩ ના રોજ ડિમોલેશન કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.

ટી. પી. ૧ (ઉધના–મજુરા), ફાપ્લોટ નં. ૭૪, રેસ નં. ૧૭૭/૧–૨, પ્લોટ નં. ૧૩૧ આત્માનંદ ઈન્ડસ્ટ્રીયલ વિ–૨, બમરોલી રોડ, વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર પર ગેરકાયદેસર આર. સી. સી. કોલમો, સ્લેબ તથા ચણતર કામ અને સેન્ટરીંગ કામ કરવામાં આવેલ છે જે આજરોજ શહેર વિકાસના સ્ટાફ, દબાણના સ્ટાફની મદદથી ચણતરની દિવાલો તથા સ્લેબનુ સેન્ટરીંગ કામ આશરે ૮૦ ચો. મી. વિસ્તારનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. તેમજ આશરે ૯૦૦ કિ. ગ્રા. સ્ટીલ જમા લેવામા આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પઃ–




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૭/૦૯/૧૩ ના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, ન.પ્રા.શાળા, એચ–૩, બ્લોક પાસે, ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ, સુરત ખાતેથી નવમા આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ.પ્રસંગેઆરોગ્ય.સમિતિ.અધ્યક્ષશ્રી, રૂગ્ણાલય. સમિતિ.અધ્યક્ષાશ્રી, જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી, મ્યુનિ.સદસ્યોશ્રી, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ), કતારગામઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી આરોગ્ય વિભાગ, આસી.જંતુનાશક અધિકારીશ્રી, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર તેમજ વેકસીનેશન બ્રાંચના મેડીકલ ઓફીસર, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયાં હતાં.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૧૩૦૦ લાભાર્થીઓએ પ્રદર્શનનો લાભ લઈ આરોગ્ય લક્ષી શિક્ષણ મેળવ્યુ હતું તેમજ આરોગ્ય વિભાગના સ્વસ્થ સુરતના અભિયાનમાં સહકાર આપ્યો હતો. કુલ ૪૦૯ દર્દીઓએ નિદાન / સારવારનો લાભ લીધો હતો. જે પૈકી ૬૩ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યાં હતાં. જેમાં ફિઝીશ્યન દ્વારા ૮૬, સર્જન દ્વારા ૨૩, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૭૨, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૨૩, ચામડીના નિષ્ણાંત દ્વારા ૮૭, આંખના નિષ્ણાંત દ્વારા ૧૧૪ મેડીકલ ઓફીસર દ્વારા ૦૪ દર્દીઓને તપાસવામાં આવ્યા હતાં. કુલ ૨૬ આંગણવાડી વિસ્તારની ૭૨ માતાઓએ પોતાના બાળકોની તપાસ કરાવતા અલ્પપોષણના ૦૯ બાળકો મળી આવ્યા હતા જેઓને બાળરોગ નિષ્ણાંત પાસેથી અલ્પપોષણ સંબંધિત માર્ગદર્શન તથા સારવાર આપવામાં આવી હતી.

કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનોમાં નિરોધ ૨૦૦, ઓરલ પીલ્સ ૨૫ પેકેટ , આયર્ન ફોલીકએસીડની ૧૦૦૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણ વિભાગ દ્વારા ૦૩ બાળકોને વિવિધ રોગો સામેની રસી આપવામાં આવી હતી. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૩૪ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતાં. ઓ.આર.એસ ના ૩૦ પેકેટસ,રોગ અટકાયતી ૫૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના વેકસીનેશન બ્રાંચ, વી.બી.ડી.સી., આર.એન.ટી.સી.પી., ફેમીલી પ્લાનીંગ, પી.એસ.એચ., મા અમૃતમ, તમાકુ નિયંત્રણ અને આઈ.સી.ડી.એસ. વિભાગ મારફતે રોગ અટકાયત તથા સરકારશ્રીની વિવિધ યોજના બાબતે જરૂરી આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.

ચાલુ વર્ષની ચોમાસાની ઋતુ દરમ્યાન સુરત મહાનગરપાલિકામાં આ અગાઉ કુલ આંઠ વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે. આંગણવાડીના કુલ ૮૯૬ બાળકોની પ્રાથમિક તપાસ કરી અલ્પપોષણ સંબંધિત સેવાઓ આપવામાં આવી હતી. આરોગ્ય ખાતાના વિવિધ વિભાગના પ્રદર્શનનો કુલ ૧૯૭૦૩ લાભાર્થીઓએ લાભ લીધો હતો જેમાં કુલ ૨૨,૭૧૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ સુરત મહાનગરપાલિકાની વિવિધ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લીધો હતો જેની માહિતી નીચે મુજબ છે.

| નિરોધ | ઓરલ પીલ્સ પેકેટસ | આયર્ન ફોલીક ટેબલેટ | રસીકરણ | બ્લડ સ્લાઈડ | ઓ.આર.એસ પેકેટસ |
|---|---|---|---|---|---|
| ૬૩૯૮ | ૩૬૮ | ૭૮૬૦ | ૨૫૪ | ૬૨૯ | ૩૭૧ |

આ અગાઉના છ કેમ્પમાં સ્મીમેર હોસ્પિટલના તજજ્ઞો દ્વારા જરૂરિયાતમંદ લાભાર્થીઓને અતિ આવશ્યક સેવાઓ આપવામાં આવી હતી જેની માહિતી નીચે મુજબ છે.

| વિભાગ | ફિઝીશ્યન | સર્જન | બાળરોગ | સ્ત્રીરોગ | ચામડી | આંખ | જનરલ | રીફર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લાભાર્થી | ૯૩૦ | ૧૬૬ | ૫૯૮ | ૨૮૪ | ૬૪૪ | ૫૬૨ | ૯૪૯ | ૪૫૯ | ૪૦૧૫ |

નોંધ :– આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તા.૧૪/૦૯/૧૩ના રોજ પાલનપુર શહેરી આરોગ્ય કેન્દ્ર, પાલનપુરગામ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોનેમહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા), ફા.પ્લોટ નં. ૧૬૧ વિસ્તારમાં કરવામાં આવેલ સેન્ટરીંગ કામ સ્થળ પરથી દુર કરવાની કામગીરીઃ–

**અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૭(આંજણા), ફા.પ્લોટ નં. ૧૬૧ સ્થિત નસરવાનજી સોસાયટીમાં સબ પ્લોટ નં. ૧૩૮ ખાતે ગેરકાયદેસર આર.સી.સી. સ્લેબ ભરવાના ઈરાદે ત્રીજામાળનું આશરે ૧૪' × ૪૫' ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ સેન્ટરીંગ કામ સ્થળ પરથી દુર કરવામાં આવેલ છે. તથા મિલ્કતદાર પાસે રૂા. ૧૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.**

TOP

## ''ખેલ મહાકુંભ – ૨૦૧૩''

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે ચાલુ વર્ષ સુરત શહેર અને જીલ્લામાં વિવિધ રમતોની સ્પર્ધામાં ''ખેલમહાકુંભ–૨૦૧૩''નું આયોજન આગામી માહે નવેમ્બર / ડિસેમ્બર–૨૦૧૩ દરમ્યાન કરવામાં આવનાર છે. જે મુજબ ચાલુ વર્ષ પ્રથમ અન્ડર –૧૨ ભાઈઓ બહેનોની ૬૦ મી. દોડ, સ્ટેન્ડીંગ બોડ જમ્પના સ્પર્ધકોની જે તે શાળાના વ્યાયામ શિક્ષકે ડેટા એન્ટ્રી કરી સ્પર્ધાનું આયોજન કરાવવું.

શાળા કક્ષાએ કબડ્ડી, એથ્લેટીકસ (૧૦૦ મી. દોડ), વોલીબોલ, રસ્સાખેંચ સ્પર્ધા, ૧૬ વર્ષથી નીચે અને ૧૬ વર્ષથી ઉપર કબડ્ડી, એથ્લેટીકસ(૧૦૦ મી. ), વોલીબોલ, રસ્સાખેંચ શાળા કક્ષાએ જયારે એથ્લેટીકસ, ખો–ખો, શુટીંગબોલ વોર્ડ કક્ષાએ રમાડવા તેમજ શહેર કક્ષાએ યોજાનાર આઠ રમતો અને બાકીની ૧૩ રમતો મળી કુલ ૨૧ રમતોનું આયોજન શહેર કક્ષાએ યોજવા બાબતેની મીટીંગ તા.૦૬/૦૯/૨૦૧૩ ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન સુરત શહેરમાં રમાનાર સ્પર્ધાઓના આયોજન અંગે તેમજ બપોરે ૧૨ થી ૨ કલાક દરમ્યાન સુરત જીલ્લામાં રમાનાર સ્પર્ધાઓના આયોજન અંગે શાળાઓના આચાર્યશ્રીઓ અને વ્યાયામ શિક્ષકો સાથે ગાંધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત ખાતે રાખવામાં આવેલ હતી. સ્પર્ધામાં ભાગ લેવા માટે ખાનગી તથા નગર પ્રાથમિક શાળાઓ, સુમન શાળા તથા ખાનગી હાઈસ્કુલોના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં વિવિધ રમતોમાં ભાગ લે અને તેઓનું સમયસર રજીસ્ટ્રેશન થાય તે અંગેની કામગીરી જે તે શાળાના વ્યાયામ શિક્ષકો ખાસ કરીને સંભાળે અને શાળાના આચાર્ય પણ આ કામગીરીમાં પૂરતો સહયોગ આપે તે મુજબ સૂચના આપવામાં આવી. ભરાયેલા ફોર્મો જે તે ઝોનમાં નીમવામાં આવેલ કન્વીનરો મારફત જીલ્લા પંચાયતની ડી.એલ.ઈ. શાખામાં ડેટા એન્ટ્રી માટે મોકલાય તે કાળજી રાખવા માટે પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી. રજીસ્ટ્રેશનની કામગીરી બાદ જે તે ઝોનમાં નિર્ધારિત સ્થળો ઉપર ગ્રાઉન્ડ તથા અન્ય ઓફિસીયલ સ્ટાફના આયોજન માટે પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી દિનેશભાઈ પટેલ, જીલ્લા રમતગમત અધિકારીશ્રી વિરેન્દ્રભાઈ પટેલ, મેનેજરશ્રી, ગાંધીસ્મૃતિ ભવન, જીલ્લા પ્રશિક્ષણ કેન્દ્રના શ્રી એ. એ. શેખ વિગેરેએ હાજર રહી તમામને આગામી ખેલ મહાકુંભ–૨૦૧૩માં સુચારુ આયોજન માટે એકબીજા સાથે જરૂરી સંકલન સાંધી સફળતા અપાવવા જણાવ્યું. આ સમગ્ર સભાનું આયોજન ખેલ મહાકુંભ–૨૦૧૩ની સંચાલન સમિતિના ઉપાધ્યક્ષશ્રી અને ડે.કમિશનર(સ્પે.) શ્રી પી. જે. ઝાલાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

TOP

તમામ ઝોનની સફાઈ ઝુંબેશ

તા.૪–૯–૨૦૧૩ બુધવાર

| અ.નં. | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૨૪ |
| ૧ | ડે. ઈજનેર | ૯ |
| ૨ | મુખ્ય આરોગ્ય નિરક્ષક | ૨૦ |
| ૩ | જુ.– આસી. ઈજનેર /સુપરવાઈઝર | ૧૨ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સપેકટર | ૪ |
| ૫ | ટેકનીકલ આસી. | ૧૫ |
| ૬ | વાયરમેન | ૦ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ. આ. નિરીક્ષક | ૫૮ |
| ૮ | ડ્રેનેજ ઈન્સપેકટર | ૦ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૧૦ |
| ૧૦ | કડીયો | ૨ |
| ૧૧ | સફાઈ કામદારો/બેલદારો | |
| ૧૧ અ | આરોગ્ય વિભાગ | ૪૮૦ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૧૨૮ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૫૩ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૯ |
| ૧૩ બ | લારી | ૨૦ |
| ૧૩ ક | ગલ્લા | ૨ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૯૪ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી કરેલ સંસ્થા | ૧૧૬ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૧૫,૬૦૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૮ |
| ૧૭ | વોટર ટેબલ રીપેર કર્યા ૧ રીપેર કર્યા / સ્ક્રેપીગ કરી સાફ કર્યા કુલ (રનીગ મીટર) | ૧૧ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૫૮ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કયા | ૦ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૦ |

વી. બી. ડી. સી. વિભાગની કામગીરી

| | | |
|---|---|---|
| ૨૦ | કુલ ઘર સર્વે | ૨૩૬૮ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૫૭૧૪ |
| ૨૨ | પોનીટીવ બ્રીડીગ સ્પોટ | ૧૫ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યી | ૧૦ |

| | | |
|---|---|---|
| ૨૪ અ | એનો. | ૬ |
| ૨૪ બ | એડીસ | ૫ |
| ૨૪ ક | કયુલેકસ | ૩ |
| ૨૪ ડ | મિશ્ર | ૦ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૧૨૫ |
| ૨૬ | એફ. આર. ટી. આપી | ૨૬ |
| ૨૭ | ફોગીગ આયોજન | ૦ |
| ૨૮ | કુલ નોટીસ / ચેતવણી | ૧૩૯ |
| ૨૯ | વહીવટી ખર્ચ વસુલાત | ૪૩૨૫૦ |
| ૩૦ | ઈસમોની સંખ્યા | ૨૧૫ |
| ૩૧ | પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી. ગ્રા. | ૧૨ |
| ૩૨ | અખાધ પ્રદાથોનો નાશ કી. ગ્રા. | ૬૩ |
| ૩૩ | આંગણવાડીઓ ચેક કરી | ૦ |
| ૩૪ | શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા | ૦ |
| ૩૫ | કામગીરીમાં જોડાયેલ આગેવાનો; સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત | ૦ |

**તમામ ઝોનમાં આવરી લીધેલ સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ—**

| | |
|---|---|
| સેન્ટ્રલ ઝોન | સોરઠીયા પંચની વાડીથી સ્નેહમિલન ગાર્ડ થઈ ખોજાકબ્રસ્તાન સુધી, વિજય વલ્લભ સર્કથી નાડીયાવાડ સુધી બન્ને તરફ, રામપુરા પ્રેટ્રોલ પંપથી લાલમીયા મસ્જીદ રોડ મેઈનરોડ તથા કાજીપુરા રોહીત ફળીયા બેકરી સુધી, બેગમપુરા વડવાળી શેરી, મપારા શેરી, ઘાંચી શેરી, દારૂખાના રોડ, આજુબાજુનાં સંલગ્ન વિસ્તાર |
| વરાછા ઝોન | કાપોદ્રા રચના સર્કલથી દિનદીયાળ સાગર સોસાયટી સુધી અને સાઈટ, કાપોદ્રા ચાર રસ્તાથી રચના સર્કલ બન્ને સાઈડ, રચના સર્કલથી ૧૫૦ રોડ |
| રાંદેર ઝોન | પાલનપુર જકાતનાકાથી નહેર રોડ, ગોપાલ પાર્ક, દર્શન સોસાયટી, સંત તુકારામ સોસાયટી વિ—૬ તથા સંત તુકારામ સોસાયટી વિ—૨ |
| કતારગામ ઝોન | કોસાડ આવાસ એચ—૩ ના તમામ ખાંચા તથા મુખ્ય રસ્તાની સફાઈ |
| ઉધના ઝોન | ગુલશન નગરથી કિષ્ણાનગર સુધીનો રોડ |
| અઠવા ઝોન | ઉધના મગદલ્લા રોડથી એવર સાઈન મારર્બલ સુધીનો વિસ્તાર |
| લીબાયત ઝોન | ડીડોલી—૨ વોર્ડ ઓફીસથી ફાટક તરફનો રસ્તો, રેલ્વે ફાટકથી ચેતનનગર , ઠાકોરનગર, મણીનગર, ગણેશનગર રોડ, પ્રિયંકા વિભાગ—૨ ખાડી રોડ, રામનગરથી શીવદર્શન રોડ, કરાડવા ગામથી ગાયત્રીનગર તરફનો રોડ |

## શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતના આવાસોની જરૂરીયાતને ધ્યાને લઈ, ગુજરાત સરકાર ધ્વારા ૧૨ મી પંચવર્ષીય યોજના દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ ((Gujarat Rural Urban Housing) યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG) યોજનાની જાહેરાતઃ–

શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતના આવાસોની જરૂરીયાતને ધ્યાને લઈ, ગુજરાત સરકાર ધ્વારા ૧૨ મી પંચવર્ષીય યોજના દરમ્યાન મુખ્યમંત્રી ગૃહ ((Gujarat Rural Urban Housing) યોજના અંતર્ગત ઓછી આવક ધરાવતા લોકો માટે (LIG) યોજનાની જાહેરાત કરવામાં આવી છે. રાજય સરકારનું લક્ષ્ય ગુજરાત રાજયનાં શહેરી વિસ્તારોને આગામી પાંચ વર્ષમાં ઓછી આવક ધરાવતા વર્ગના લોકો માટે (LIG) આવાસ યોજનાઓને પ્રોત્સાહન અને સહાય આપવાનું છે. ઓછી આવક ધરાવતા વર્ગના લોકો (Lower Income Group) માટે આવાસ સહાય બાબતેની રાજય સરકારની નેમ છે. આ ઉપરાંત ઓછી આવક ધરાવતા વર્ગના લોકોને પોતાની માલિકીનું મકાન સસ્તા દરે મળે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. મુખ્યમંત્રી ગૃહ ((Gujarat Rural Urban Housing) યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે (EWS) યોજનાની જાહેરાત કરવામાં આવી છે. રાજય સરકારનું લક્ષ્ય ગુજરાત રાજયનાં શહેરી વિસ્તારોને આગામી પાંચ વર્ષમાં ઝુંપડપટ્ટી મુકત બનાવવાનું છે. શહેરી વિસ્તારમાં જે લાખો કુટુંબો ઝુંપડાઓમાં વસે છે તેઓનું તે જ સ્થળે પુનઃવસન કરવાની નીતિને અગ્રતા આપવાની રાજય સરકારની નેમ છે. આ ઉપરાંત આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓને પોતાની માલિકીનું મકાન સસ્તા દરે મળે તે માટે રાજય સરકાર કટિબધ્ધ છે. . જે માટે રાજય સરકારશ્રીએ મુખ્યમંત્રી ગૃહ (Gujarat Rural Urban Housing) યોજના અમલમાં મુકેલ છે. આ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા ટી.પી. સ્કીમ હેઠળના EWS / SEWS ના કુલ – ૩ પ્લોટો પર કુલ ૮૪૮ EWS આવાસોનું આયોજન કરી તેના કુલ રૂા. ૪૯,૨૯,૮૩,૧૦૦.૦૦ ના નેટ અંદાજો તથા ઓછી આવક ધરાવતા લોકો માટે ટી.પી. સ્કીમ હેઠળના EWS / SEWS ના કુલ – ૧૬ પ્લોટો પર કુલ ૪૧૩૦ ીયન આવાસોનું આયોજન કરી તેના કુલ રૂા. ૨૮૬,૦૨,૪૫,૭૦૦.૦૦ ના નેટ અંદાજો મળી કુલ ૪૯૭૮ EWS / LIG આવાસોનું આયોજન કરી, કુલ રૂા. ૩૩૫,૩૨,૨૮,૮૦૦.૦૦ ના નેટ અંદાજો તૈયાર કરી સ્લમ ઈમ્પ્રુવમેન્ટ કમિટિ સમક્ષ તા. ૦૭.૦૯.૨૦૧૩ ના રજુ કરવામાં આવેલ. જેને તા. ૦૭.૦૯.૨૦૧૩ ના રોજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ મારફત મંજુર કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા સદર ૪૯૭૮ EWS / LIG આવાસોના ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરી આગળની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારોનું "ઘરનું ઘર" નું સ્વપ્ન સાકાર કરીને, તેઓનું જીવન ગુણવત્તાસભર બનાવવા માટે સુરત મહાનગરપાલિકાએ સમગ્ર રાજયમાં પહેલ કરી છે.

TOP

## માહે ઓગસ્ટ ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલઃ–

સ્મીમેર હોસ્પીટલમાં માહે ઓગસ્ટ ૨૦૧૩ દરમ્યાન ૪૧૭૯ ઈન્ડોર તથા ૩૬૯૦૪ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૬૮૩ તથા ૪૯૩ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૭૯૧૫ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી. ના નવા ૬૧૩ અને જુના ૧૨૮૨ દર્દીઓ સહીત કુલ ૧૮૯૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૪૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરેપી વિભાગમાં કુલ ૭૦૮ તથા આંખ વિભાગમાં ૨૪૦૮ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૦૫૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

TOP

## ૪૧ મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભઃ–






સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતીરીવાન અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંર્વધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવધ આયોજનો અને સ્પર્ધા યોજવામાં આવે છે. જેના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનુ આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર ૪૧મી નાટ્ય સ્પર્ધાનું આયોજન તા. ૧૦/૦૯/૨૦૧૩ થી તા. ૧૭/૦૯/૨૦૧૩ દરમ્યાન ગાધીસ્મૃતિ ભવન, ટીમલીયાવાડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. ૪૧ મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ તા. ૧૦/૦૯/૨૦૧૩ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ગાધીસ્મૃતિ ભવન ખાતે મા. મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, શાશકપક્ષના નેતાશ્રી આર. કે. લાઠીયા, ડે. કમિશનર(સ્પે.)શ્રી પી. જે. ઝાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા કુ.સ્વાતીબેન સોસા, નિર્ણાયકશ્રી રાજુભાઈ દવે, શ્રી મહેશ ચંપકલાલ અને શ્રી અન્નાપૂર્ણાબેન શુકલાના હસ્તે દીપપ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. નાટ્ય સ્પર્ધાના પ્રથમ દિવસે રાજગૃપ થિયેટર અનં પર્ફોર્મીંગ આર્ટસ્ સંસ્થાનું રાજેશ પાંડેય દિગ્દર્શીત નાટક "જલતા હુઆ રથ" રજુ થયું હતુ. જેને શહેરના નાટ્ય રસિક નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી નાટક માણ્યો હતો. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૯.૦૦ કલાકે ગાંધી સ્મૃતિ ભવનના તખ્તે રજુ થશે. પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. પાસ વગર પ્રવેશ આપવામાં આવશે નહીં.

**૪૧મી નાટ્ય સ્પધામાં હવે પછી રજુ થનાર નાટકો**

| ક્રમ | તારીખ | નાટકનું નામ | નાટ્ય સંસ્થાનું નામ | દિગદર્શકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧૧/૦૯/૨૦૧૩ બુધવાર | છેલ્લી તરસ ગંગાજળ માંગે | ફોરમ આર્ટ | વૈભવ દેસાઈ |
| ૨ | ૧૨/૦૯/૨૦૧૩ ગુરૂવાર | વૈશાખી કોયલ | એચ. કે. આર્ટસ્ | કપિલદેવ શુકલ |
| ૩ | ૧૩/૦૯/૨૦૧૩ શુક્રવાર | તોખાર | સીલ્યુએટ થીએટર્સ | દેવાંગ જાગીરદાર |
| ૪ | ૧૪/૦૯/૨૦૧૩ શનિવાર | મન, મોતી ને કાચ | દિપ આર્ટસ | ગીત દીક્ષિત |
| ૫ | ૧૫/૦૯/૨૦૧૩ રવિવાર | વાત એક રાતની | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ડો. દિલીપ જે. શાસ્ત્રી |
| ૬ | ૧૬/૦૯/૨૦૧૩ સોમવાર | ખેલંદો | કે. ડી. એન્ટરટેઈનર | તથાગત શુકલ |
| ૭ | ૧૭/૦૯/૨૦૧૩ મંગળવાર | અંતિમ સંસ્કાર | આશિયાના પરિવાર | કશ્યપ જોષી |

TOP

## સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં આરોગ્ય વિભાગ દ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાણીપીણીની લારીઓનું આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરી ખાસ સ્કવોડનું આયોજન.:–

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં આરોગ્ય વિભાગ દ્વારા હાલની ઉનાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ખાણીપીણીની લારીઓનું આરોગ્યલક્ષી ચકાસણી હાથ ધરી ખાસ સ્કવોડનું આયોજન કરવામાં આવેલ હતું. નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ બનેલી મુખ્ય આરોગ્ય નિરીક્ષકોની બનેલી ટીમોએ લિંબાયત ઝોન વિસ્તારનાં ઉમરવાડા માર્કેટ ,ટેક્ષટાઈલ્સ માર્કેટ વિસ્તાર, આંજણા ફુલવાળા કંમ્પાઉન્ડ, સંજયનગર, મીઠીખાડી, લિંબાયત,મદનપુરા, નવાગામ શાકમાર્કેટ તેમજ ડીંડોલીગામમાં આવેલ ખાણીપીણીની તમામ પ્રકારની લારી ગલ્લાને સઘન ચેકીંગ દરમ્યાન આવરી લેવામાં આવેલ. ચકાસણી દરમ્યાન મળી આવેલ કુલ–પર(બાવન) કિલો જેટલા બિનઆરોગ્યપ્રદ ખાધપદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો. તેમજ આરોગ્યને હાનિકારક ગંદકી અને ન્યુસન્સ ફેલાવતાં કુલ–૧૯૭ ઈસમો પાસેથી રૂા.૨૧,૨૫૦/– વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવ્યાં હતા.

ઉપરાંત દરેક લારી ગલ્લા સંચાલકોને ખાધપદાર્થોને તૈયાર કરવા, પીરસવા તેમજ સ્વચ્છતા જાળવવા તકેદારી રાખવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ . ખાધપદાર્થોનું ઉત્પાદન કરી વેચતા લારી ગલ્લાનાં માલિકોને તમામ ખાધ પદાર્થો ઢાંકીને રાખવા માટે, પીવાનાં પાણીમાં કલોરીન ટેબલેટનો ઉપયોગ કરવા માટે, કારીગરોને સ્વચ્છ કપડાં પહેરવા માટે, ધંધાનાં સ્થળની આજુબાજુ સંપૂર્ણ સફાઈ રાખવા માટે તેમજ ડસ્ટબીન રાખવા માટે, કચરાનો અસરકારક નિકાલ કરવા માટે ડીસ્પોઝેબલ ડીશ–ગ્લાસ ઉપયોગમાં લેવા માટે ચેતવણી આપીને સમજ આપવામાં આવી હતી.

સદર ચકાસણી દરમ્યાન પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો કુલ–૩૪ કિલો જથ્થો જપ્ત કરવામાં આવેલ.

TOP

## સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન હેઠળ આવેલ ચાલુ હાલતમાં બાંધકામને માનનીય હાઈકોર્ટના PIL – 122 OF 2011 મુજબ આપેલ નોટીશનો અનાદર કરતાં બાંધકામો જોગ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા કરેલ કાર્યવાહીની અખબારી યાદી :–

સુરત મહાનગર પાલિકાના પશ્ચિમ ઝોન હેઠળ આવેલ બાંધકામો ખાતે માનનીય હાઈકોર્ટના PIL – 122 OF 2011 અન્વયે ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ ) ની આપેલ નોટીશ મુજબ થયેલ અમલવારી કરવા જણાવી તે મુજબ થયેલ કાર્યવાહીની લેખીતમાં જાણ જે તે ઝોનના આસી.જંતુનાશક અધિકારીશ્રીને કરવા જણાવેલ. સદર બાબતે આજરોજ પશ્ચિમ ઝોન હેઠળના વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા ચાલુ હાલતમાં બાંધકામ ખાતે આકસ્મિત ચેકીંગ કરતાં ટી.પી.– ૧૦ પાલ ખાતે " રાજ કોર્નર " બાંધકામ તેમજ પાલનપુર પાટીયા ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડ પાછળ આવેલ " સન ટ્રેડ સેન્ટર " ધ્વારા આપેલ નોટીશની અવગણના કરેલ હોવાનું માલુમ પડતાં તેઓની પાસેથી વી.બી.ડી.સી. વિભાગીય કામગીરી કરવા બદલ કુલ રૂ. ૧૫૦૦૦/– વહિવટી પરચુરણ ખર્ચ પેટે વસુલાત લેવામાં આવેલ.

વધુમાં આથી તમામ ચાલુ હાલતના બાંધકામોના ઓર્ગેનાઈઝરો / વહિવટકર્તા જોગ જણાવવાનું કે માનનીય હાઈકોર્ટ PIL – 122 OF 2011 મુજબ આપવામાં આવેલ નોટીશનો અમલ કરી તેની લેખિતમાં જાણ સંબંધિત ઝોનનાં આસી.જંતુનાશક અધિકારીને કરવા સુચન કરવામાં આવે છે. અન્વથા માનનીય હાઈકોર્ટના આદેશના અનાદર બદલ પાણી તેમજ ડ્રેનેજ કનેકશન સ્થગિત કરવા સુધીના સખત પગલાં ભરવામાં આવે છે. જેની જાણ લેવા અનુરોધ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં મે.ડે.કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત)ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ સુચના/ નોટીસ તથા વહીવટી ખર્ચ વસુલ લેવામાં આવેલ :–

સુરત મહાનગરપાલિકાનાં મે.ડે.કમિશનરશ્રી (હે. એન્ડ. હો.) અને લિંબાયત ઝોનનાં એડી. સીટી. ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત)ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧૧/૦૯/૨૦૧૩ નાં રોજ આરોગ્ય/ ઈજનેર/ વી.બી.ડી.સી. સ્ટાફની કુલ–૫ (પાંચ) ટીમો બનાવી સા.ઈ. લિંબાયત ઝોનની ગોડાદરાની વિભાગીય કચેરીનાં મહાપ્રભુનગર સોસાયટી રોડ થી શાંતનુ કોમ્પલેક્ષ ચાર રસ્તા સુધી મણીરત્ન નગર સોસાયટી રોડ અને મધુસુદન સોસાયટી રોડ, દેવીદર્શન સોસાયટી થી નીલકંઠનગર સોસાયટીથી E.W.S. કવાર્ટસ રેલ્વે ટ્રેક સમાંતર રોડની બન્ને તરફ, ગોડાદરા બસ સ્ટેન્ડ થી શામળાધામ સોસાયટી પાસેથી રાધેશ્યામ પાર્ક સોસાયટી તરફ જતાં રોડ ઉપર, ગોડાદરા તળાવ સામે પુરવઠા ઝોનલ કચેરી રોડ પટેલ નગર સોસાયટી સુધી અને ગોડાદરા બસ સ્ટેન્ડ થી સ્વામીનારાયણ ખાડીથી ધનશ્યામનગર મેદાનની સાંઈધામ કન્ટેનરથી માનસરોવર સોસાયટી સુધીના વિસ્તારમાં બુધવારની ઝુંબેશ દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં મેઈનરોડ, સોસાયટી આંતરિક રસ્તાઓ ગલી–ખાંચાઓ બ્રશ–બુતરાથી સાફ સફાઈ, સ્ક્રેપીંગની કામગીરી કરી ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરી કચરો, કચરા મિશ્રિત માટીનાં ઢગલાંઓ ઉપડાવી આશરે ૩૦.૫૮૦ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરાવવામાં આવેલ છે.

તદઉપરાંત આ કામગીરી દરમ્યાન ઉપરોકત વિસ્તારમાં આવેલ જુદી જુદી ખાદ્ય –અખાદ્ય સંસ્થાઓ તેમજ જુદો–જુદો ધંધો કરતી આવેલ સંસ્થાની સામે તેમનાં દ્વારા નાંખવામાં આવેલ ધંધાકીય કચરો, કાગળ, પ્લાસ્ટીક, ગંદુપાણી વહેવડાવી ગંદકી કરતા તમામ સંસ્થાના કુલ ૭૨ ઈસમો પાસેથી રૂા.૧૩,૩૫૦/– નો વહીવટીચાર્જ તેમજ ૨૭ કિલો અખાદ્ય પદાર્થોનો નાશ કરી કુલ–૧૯ ઈસમોને નોટીસ પાઠવવાની કાર્યવાહી કરવામાં આવેલી છે. તેમજ સ્થળ ઉપર સહકાર મેળવી સાફ–સફાઈ કરાવ્યા બાદ કચરો એકત્રિત કરી નિકાલ કરાવવામાં આવ્યો તથા ઢાંકણવાળા ડસ્ટબીન રાખવા માટે સુચના/ નોટીસ આપવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સફાઈ અભિયાન વિસ્તારમાં સર્વેની કામગીરીમાં કુલ–૫૪૦૦ ધરોને સર્વે કરી મળેલ કુલ–૩૭ બ્રિડીંગ નું નાશ કરવામાં આવેલ છે. બ્રિડીંગ ઉત્પન્ન કરતા કુલ–૧૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ મેલેરીયા પરિક્ષણ માટે કુલ–૧૦૫ સ્લાઈડ તથા કુલ–૧૮૦ મોસ્કીટો બ્રિડીંગ થાય તેવા કન્ટેઈનરો દુર કરવામાં આવેલ છે. તેમજ ગોડાદરા તથા ડીંડોલી વિસ્તારમાં બાંધકામ તથા ખુલ્લા પાણીના ભરાવા સબબ કુલ રૂા.૨૬,૮૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આ બંને કામગીરી દરમ્યાન કુલ–૪૦,૧૫૦/– નો વહીવટીચાર્જ તેમજ કુલ–૩૫ નોટીસો પાઠવવામાં આવેલ છે.

TOP